# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં શરૂ થઈ રહેલા G20 નેતાઓના શિખર સંમેલનમાં ભાગ લેશે.

2) પ્રધાનમંત્રીએ દક્ષિણ આફ્રિકામાં G-20 શિખર સંમેલન દરમિયાન ગઈકાલે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે વિવિધ ક્ષેત્રો પર ચર્ચા કરી.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સિકંદરાબાદના રાષ્ટ્રપતિ નિલયમ ખાતે ભારતીય કલા મહોત્સવના બીજા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું.

4) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે આજના વિશ્વને વૈશ્વિક પડકારોના ઉકેલ માટે એક નવા સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની જરૂર.

5) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણીની બીજી અને અંતિમ મેચ આજે ગુવાહાટી ખાતે રમાશે

……………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MOR PM-G20 SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં શરૂ થઈ રહેલા G20 નેતાઓના શિખર સંમેલનમાં ભાગ લેશે. ત્રણ દિવસીય શિખર સંમેલનમાં શ્રી મોદી તમામ સત્રોમાં ભાગ લેશે અને ભારતની મુખ્ય પ્રાથમિકતાઓ રજૂ કરશે, જેમાં ગ્લોબલ સાઉથની ચિંતાઓ, ટકાઉ વિકાસ, આબોહવા કાર્યવાહી, ઊર્જા સંક્રમણ અને વૈશ્વિક વહીવટમાં સુધારાનો સમાવેશ થાય છે. 2014 બાદ પ્રધાનમંત્રી મોદીનું આ 12મું G20 શિખર સંમેલન છે.

આ શિખર સંમેલન પહેલી વાર આફ્રિકન ખંડ પર યોજાઈ રહ્યું હોવાથી ખાસ મહત્વ ધરાવે છે. આ વર્ષની વિષય વસ્તુ "એકતા, સમાનતા અને ટકાઉપણું" છે.

દક્ષિણ આફ્રિકાએ તેના પ્રમુખપદ હેઠળ મુખ્ય પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જેમાં આપત્તિ સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી, ઓછી આવક ધરાવતા દેશો માટે દેવાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવી, ન્યાયી ઊર્જા સંક્રમણ માટે નાણાં એકત્ર કરવા અને સમાવિષ્ટ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ ખનિજોનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી મોદી ગઈકાલે સાંજે શિખર સંમેલનમાં ભાગ લેવા માટે જોહાનિસબર્ગ પહોંચ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં G-20 શિખર સંમેલન દરમિયાન ગઈકાલે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથે વાતચીત કરી હતી.

બંને નેતાઓએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના પાંચ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે દ્વિપક્ષીય સંબંધોની નોંધપાત્ર ઊંડાઈ અને વિવિધતા પર સંતોષ વ્યક્ત

કર્યો હતો. બેઠકમાં સંરક્ષણ અને સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો, વેપાર અને રોકાણ, શિક્ષણ અને લોકો વચ્ચેના આદાનપ્રદાન સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાની ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ આતંકવાદ સામે વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીએ ભારતમાં તાજેતરના આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે પણ સંવેદના વ્યક્ત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેઓએ સંરક્ષણ અને સુરક્ષા, પરમાણુ ઊર્જા અને વેપાર ક્ષેત્રો જ્યાં સંબંધોને વધુ વિસ્તૃત કરવાની અપાર સંભાવના અંગે ચર્ચા કરી.

પ્રધાનમંત્રીએ દક્ષિણ આફ્રિકાની બહુરાષ્ટ્રીય ઇન્ટરનેટ અને ટેકનોલોજી કંપની નેસ્પર્સના ચેરમેન કૂસ બેકર અને મુખ્ય કાર્યકારી અધિકારી ફેબ્રિસિયો બ્લોસી સાથે પણ મુલાકાત કરી. તેમણે ભારતના ડિજિટલ ઇકોસિસ્ટમ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, સ્ટાર્ટઅપ્સ અને અવકાશ ક્ષેત્રોમાં રોકાણ વધારવા તેમજ ગ્રાહક બજાર અને ટેકનોલોજીમાં નવી તકો શોધવા અંગે ચર્ચા કરી.

બાદમાં પ્રધાનમંત્રી મોદીએ જોહાનિસબર્ગમાં ભારતીય મૂળના ટેક ઉદ્યોગસાહસિકો અને દક્ષિણ આફ્રિકામાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરી અને તેમને ભારત સાથેના તેમના સંપર્કને વધુ મજબૂત બનાવવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય મૂળના ટેક ઉદ્યોગસાહસિકો સાથેની વાતચીતમાં તેઓએ ફિનટેક, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, કૃષિ, શિક્ષણ, આરોગ્યસંભાળ, તબીબી ઉપકરણો જેવા ક્ષેત્રોમાં તેમના કાર્યની ચર્ચા કરી.

પ્રધાનમંત્રીને ચિન્મય મિશન તરફથી 'કલશ' પણ ભેટમાં આપવામાં આવ્યું હતું, જેમાં ભારત અને દક્ષિણ આફ્રિકાના શ્રી અન્ન અથવા બાજરીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે તેને ડર્બનના  અન્નપૂર્ણા દેવી મંદિરમાં મૂકવામાં આવશે. શ્રી

મોદીએ દક્ષિણ આફ્રિકામાં આયોજિત 'ભારત જાણો' સ્પર્ધાના વિજેતાઓ સાથે પણ મુલાકાત કરી.

# PREZ-BHARATIYA KALAMAHOTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સિકંદરાબાદના રાષ્ટ્રપતિ નિલયમ ખાતે ભારતીય કલા મહોત્સવના બીજા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું હતું. નવ દિવસીય આ મહોત્સવનું આયોજન રાષ્ટ્રપતિ નિલયમ દ્વારા સંસ્કૃતિ મંત્રાલય, કાપડ મંત્રાલય અને પર્યટન મંત્રાલયના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

આ મહોત્સવનો ઉદ્દેશ્ય ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવાનો છે. આ પ્રસંગે, રાષ્ટ્રપતિએ લોકોને વિવિધ સ્થળોની પરંપરાગત સંસ્કૃતિ વિશે જાણવા માટે અનુરોધ કર્યો.

(બાઇટ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મ)

તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા, ગોવાના રાજ્યપાલ પી. આનંદ ગજપતિ રાજુ, રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડે, કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, કોલસા મંત્રી જી. કિશન રેડ્ડી અને અનેક રાજ્યોના મંત્રીઓ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય કલા મહોત્સવ આજથી આ મહિનાની 30મી તારીખ સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

# SHAH-LABOUR CODES

ગૃહમંત્રી અમિત શાહે દેશભરમાં નવા શ્રમ સંહિતા લાગુ કરવા બદલ દેશના શ્રમિકોને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઘડવામાં આવેલા આ સંહિતા શ્રમ કાયદાના ઇતિહાસમાં સૌથી મોટો સુધારો છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે આ સંહિતા કામદારોને લઘુત્તમ વેતન, સામાજિક સુરક્ષા, મહિલા કામદારો માટે સમાન તકો અને અસંગઠિત કામદારો માટે કાનૂની ઓળખની ખાતરી આપે છે. તેમણે જણાવ્યું હતું કે આ સંહિતા કામદારોના જીવનધોરણમાં સુધારો કરશે અને વિશ્વ માટે રોલ મોડેલ બનશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ગઈકાલે દેશમાં હાલના દાયકાઓ જૂના શ્રમ કાયદાઓને સરળ અને સુવ્યવસ્થિત કરવાના હેતુથી ચાર નવા શ્રમ સંહિતા લાગુ કરવાની જાહેરાત કરી હતી.

આ નવા શ્રમ સંહિતા બધા કામદારો માટે સમયસર લઘુત્તમ વેતન, યુવાનો માટે નિમણૂક પત્રો, મહિલાઓ માટે સમાન પગાર અને સન્માન, 40 કરોડ શ્રમિકો માટે સામાજિક સુરક્ષા અને એક વર્ષની સેવા પછી ફિક્સ્ડ-ટર્મ કર્મચારીઓ માટે ગ્રેચ્યુઇટીની ખાતરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RAJNATH-UN

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે આજના વિશ્વને વૈશ્વિક પડકારોના ઉકેલ માટે એક નવા સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની જરૂર છે.

શ્રી સિંહે ગઈકાલે લખનઉમાં વિશ્વના મુખ્ય ન્યાયાધીશોના આંતરરાષ્ટ્રીય પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર ઇઝરાયલ-હમાસ અને યુક્રેન-રશિયા સંઘર્ષો જેવા વૈશ્વિક સંઘર્ષો તેમજ સુદાનમાં ઉદ્ભવતા માનવતાવાદી સંકટમાં વધુ મજબૂત ભૂમિકા ભજવી શકે છે.

શ્રી સિંહે જણાવ્યું હતું કે આનો અર્થ એ નથી કે સંયુક્ત રાષ્ટ્રમાં અભાવ છે, પરંતુ તે વૈશ્વિક રાજકારણની જટિલતાઓ, શક્તિશાળી રાષ્ટ્રોના પ્રભાવ અને સંસ્થાકીય પ્રક્રિયાઓની ધીમી ગતિનો ભોગ બન્યું છે.

સંરક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે આ આંતરરાષ્ટ્રીય સંસ્થાને જીવંત રાખવા માટે યુએનમાં સંતુલિત પ્રતિનિધિત્વ એ સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું હતું કે

પરિસ્થિતિ ફક્ત ત્યારે જ બદલાઈ શકે છે જો આપણે યુએનને તેના મૂળ ઉદ્દેશ્યો: શાંતિ, ન્યાય અને સમાન પ્રતિનિધિત્વ તરફ પાછા લઈ જઈએ.

શ્રી સિંહે જણાવ્યું હતું કે વર્તમાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં, સમગ્ર વિશ્વને ભારતના સભ્યતાના દ્રષ્ટિકોણથી ઘણું શીખવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે ભારતે હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કર્યું છે.

જ્યારે પણ વિશ્વના કોઈપણ ભાગમાં કટોકટી આવી છે, ત્યારે ભારત હંમેશા સહાય પૂરી પાડવા માટે તૈયાર રહ્યું છે. તેમણે કહ્યું કે ભારતની નીતિ સ્પષ્ટ છે: ન્યાય માત્ર એક નિયમ નથી, પરંતુ એક ધર્મ છે. શાંતિ માત્ર એક નીતિ નથી, પરંતુ એક પરંપરા છે, અને વૈશ્વિક સંવાદિતા માત્ર રાજદ્વારી નથી, પરંતુ એક સંસ્કૃતિ છે.

## MEN'S CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણીની બીજી અને અંતિમ મેચ આજે ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સવારે નવ વાગ્યે શરૂ થશે. ઋષભ પંત ભારતનું નેતૃત્વ કરશે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલ ઈજાને કારણે બીજી ટેસ્ટ રમશે નહીં. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ટેસ્ટમાં ભારતને 30 રનથી પરાજય આપ્યો હતો.

## GUJ-NCB

ગુજરાતમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો NCBના અમદાવાદ ઝોનલ યુનિટે ડ્રગ રાખવા બદલ બે વ્યક્તિઓને દોષિત ઠેરવ્યા છે. ગુજરાતની એક અદાલતે

ગઈકાલે રાજસ્થાન અને અમદાવાદના બે આરોપીઓને 14 વર્ષની સખત કેદ અને એક – એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

જાન્યુઆરી બંનેને જીવલેણ નશીલા પદાર્થ 4-મિથાઈલ એથકેથિનોન રાખવાના આરોપસર જાન્યુઆરી 2023માં ધરપકડ કરવામાં આવી હતી.

## BADMINTON

ભારતના લક્ષ્ય સેન ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટનમાં પુરુષોની સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગયા છે. લક્ષ્યે ગઈકાલે સિડનીમાં ક્વાર્ટર ફાઇનલમાં પોતાના દેશબંધુ આયુષ શેટ્ટીને હરાવ્યો હતો. આજે ફાઇનલમાં તેનો સામનો તાઇવાનના ચૌ ટિએન-ચેન સામે થશે.

દરમિયાન, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી પુરુષોની ડબલ્સ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઈન બનાવી છે...
- સંદેશ પ્રથમ પાને લખે છે દુબઈ એર શોમાં તેજસ ક્રેશ, પાયલટનુ મોત....અને નવા ચાર લેબર કોડનો દેશભરમાં અમલ શરૂ....
- ગુજરાત સમાચાર લખે છે રૂપિયો 90એ પહોંચવાની તૈયારીમાં – મોંઘવારી વકરશે...
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે પાકિસ્તાન ટ્રમ્પને બે બંદર આપશે, તેમાંથી એક ચાબહારથી 115 કિ.મી. જ દૂર...
- ઘૂષણખોરોને તગેડી મુકવા મોદી સરકારનું મક્કમ પ્રણ આ સમાચાર ફૂલછાબે પહેલા પાના પર છાપ્યા છે.